આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળની સેવાઓ ડીજીટલ સેવા સેતુ અંતર્ગત ઇ-ગ્રામ કેન્દ્રો મારફત એક દિવસમાં પુરી પાડવા બાબત

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ક્રમાંક: જનમ/૧૦૨૦૨૧/૨૩/બ-૧
સચિવાલય, ગાંધીનગર
તા.૨૧/૦૧/૨૦૨૧

વંચાણે લીધા:

(૧) ભારત સરકારનો જન્મ મરણ નોંધણી અધિનિયમ ૧૯૬૯

(૨) ગુજરાત જન્મ અને મરણ નોંધણી નિયમો-૨૦૧૮

(૩) પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક:આઈટીપી/૧૦૨૦૧૮/ /૫૩/આઇટી, તા.૧૫/૦૧/૨૦૧૯

(૪) અધિક નિયામકશ્રી(આંકડા) અને નાયબ રજીસ્ટ્રાર જનરલશ્રી,ગાંધીનગરના તા.૧૦/૧૨/૨૦ ના પત્ર ક્રમાંક-ડીજીટલ સેવા સેતુ/૨૫૩૬/વીએસ/૨૦૨૦

(૫) વિજ્ઞાન અને પ્રોદ્યોગિકિ વિભાગના નાયબ નિયામકશ્રી(આઈ.ટી.)ના તા.૩૦/૧૨/૨૦ ના પત્ર ક્રમાંક-DSS/10/2020/455575/IT(P.F.-1)

પ્રસ્તાવના:-

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના નિયંત્રણ હેઠળના પ્રભાગો દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓ અમલમાં છે. આ યોજનાઓ અને સેવાઓના અમલીકરણ માટે એક સુનિશ્ચિત વ્યવસ્થાતંત્ર ગ્રામ્ય સ્તરે, તાલુકા સ્તરે અને જિલ્લા સ્તરે અમલમાં છે.

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રામ પંચાયતોની કામગીરીને ઇન્ફોર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અદ્યતન અને લોકપયોગી બનાવવા માટે ઇ-ગ્રામ યોજના વર્ષ ૨૦૦૭-૦૮ થી અમલમાં મુકવામાં આવેલ છે અને ઇ-ગ્રામ કેન્દ્રો મારફત રાજ્ય સરકારની વિવિધ ઇ-સેવાઓ પણ અમલમાં છે. રાજ્યના વહીવટમાં પારદર્શિતા વધે તેમજ વ્યક્તિલક્ષી સેવાઓના ઉકેલ ઝડપી વધે તે માટે ડીઝીટલ ગુજરાત અંતર્ગત ડીજીટલ સેવા સેતુ કાર્યક્રમ પણ અમલમાં છે.

નાગરીકોને જન્મ કે મરણના પ્રમાણપત્રની કોમ્પ્યુટરાઇઝ્ડ નકલ તેમના નજીકના સ્થળે આવેલ ઇ-ગ્રામ કેન્દ્ર પરથી જ ત્વરીત રીતે મળી રહે અને તેઓને બિનજરૂરી હાલાકી ભોગવવી ન પડે અને જન સામાન્યની "જીવન જીવવાની સરળતા" (Ease of Living) નો રાજ્ય સરકારનો ઉમદા હેતુ બર આવે તે હેતુથી આ વિભાગની યોજનાઓ/સેવાઓ પણ ડીજીટલ ગુજરાત હેઠળ ડીજીટલ સેવા સેતુ અંતર્ગત "ઇ-ગ્રામ કેન્દ્રો" મારફત માત્ર એક જ દિવસમાં (One Day Service) અપાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવા અંગે ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૪) થી નાયબ રજીસ્ટ્રાર અને અધિક નિયામકશ્રી (આંકડા)એ કરેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

ઉપરોક્ત બાબતે સરકારશ્રીની પુખ્ત વિચારણાના અંતે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હસ્તકની નીચે મુજબની સેવાઓ ડીજીટલ ગુજરાત પોર્ટલ ઉપરથી ડીજીટલ સેવા સેતુ અંતર્ગત "ઇ-ગ્રામ કેન્દ્રો" મારફત માત્ર એક જ દિવસમાં (One Day Service) અપાય તેવી સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) જન્મ પ્રમાણપત્ર (કોમ્પ્યુટરાઇઝ્ડ નકલ)

(૨) મરણ પ્રમાણપત્ર (કોમ્પ્યુટરાઇઝ્ડ નકલ)

આ સેવાઓ ઇ-ગ્રામ કેન્દ્રો મારફતે આપવા માટે સુનિશ્ચિત કાર્યપ્રણાલી (Standard Operating Procedure) નીચે મુજબ કરવાની રહેશે.

(૧) સૌપ્રથમ અરજદારે તેમના નજીકના સ્થળે આવેલ ઇ-ગ્રામ કેન્દ્રનો કામકાજના દિવસે સંપર્ક કરવાનો રહેશે અને ઇ-ગ્રામ કેન્દ્ર ખાતેના વીલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રીનીઓર (Village Computer Entrepreneur એટલે કે VCE) નો સંપર્ક કરી, જન્મ કે મરણ પ્રમાણપત્ર પૈકી જે પ્રમાણપત્રની કોમ્પ્યુટરાઇઝ્ડ નકલ મેળવવી હોય તે માટેની સંપુર્ણ વિગતો જેવી કે જન્મ કે મરણનું સ્થળ, તારીખ અને નોંધણી નંબર વગેરે આપવાની રહેશે.

(૨) ત્યારબાદ, VCE એ ઉક્ત વિગતો સોફ્ટવેરમાં એન્ટર કરી, અરજદાર દ્વારા માંગેલ બનાવની નોંધ ઇ-ઓળખ (ગુજરાત સિવીલ રજીસ્ટ્રેશન સિસ્ટમ)માં થયેલ છે કે કેમ? તેની ખાતરી કરવાની રહેશે.

(૩) જો બનાવ (જન્મ કે મરણનો બનાવ) ઇ-ઓળખમાં રજિસ્ટ્રાર/સબ-રજિસ્ટ્રાર દ્વારા નોંધવામાં આવેલ હશે તો કોમ્યુટર સિસ્ટમ તેને display કરશે. જેની અરજદારને ખાતરી કરાવી આ નોધની કોમ્પુટરરાઇઝડ નકલ આપવાની રહેશે.

(૪) બ્લેક એન્ડ વ્હાઈટ પ્રીન્ટેડ સર્ટીફીકેટને પણ રંગીન પ્રીન્ટેડ સર્ટીફીકેટની જેમ જ અસલ ગણવાનું રહેશે.

(૫) ઉપર મુજબની સેવાઓ માટે પંચાયત વિભાગ, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના વંચાણે લીધેલ ક્રમ(૩) પરના ઠરાવથી નક્કી થયા મુજબ ગ્રામ કોમ્યુટર સાહસિક (વી.સી.ઇ.) દ્વારા આ સેવા પુરી પાડવા માટે અરજદાર દીઠ રૂ. ૧૦.૦૦/-(અંકે રૂપિયા

દસ) વસુલ કરવાના રહેશે. આ માટે અલગથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા કોઇ સ્ટેશનરી VCEને પૂરી પાડવામાં આવશે નહી.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઈલ ઉપર પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તા.૧૨/૦૧/૨૦૨૧ ની નોંધ અને વિજ્ઞાન અને પ્રાદ્યૌગિક વિભાગની તા.૧૩/૦૧/૨૦૨૧ની નોંધથી કરેલ પરામર્શ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(વનરાજસિંહ પઢારીયા)
નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ:-

- માન. નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૦૧ સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૦૨ સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રોદ્યૌગિકિ વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય રજિસ્ટ્રાર(જન્મ-મરણ) અને કમિશ્નરશ્રી (આરોગ્ય), કમિશ્નરશ્રી આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણની કચેરી, ૫, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ મુખ્ય રજિસ્ટ્રાર(જન્મ-મરણ) અને અધિક નિયામકશ્રી(આંકડા) ની કચેરી,કમિશ્નરશ્રી, આરોગ્યની કચેરી, ગાંધીનગર.
- જિલ્લા કલેક્ટરશ્રીઓ (તમામ)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી (તમામ)
- જિલ્લા રજીસ્ટ્રાર (જન્મ-મરણ) અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી (તમામ)
- સીસ્ટમ મેનેજર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય, ગાંધીનગર તરફ વેબ સાઇટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ-૨૦૨૦
- સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦ / શાખા સંગ્રહ